ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# મેડીકલ કોલેજની હોસ્ટેલના નવમાં માળેથી વિદ્યાર્થીનીની મોતની છલાંગ

**વિદ્યાર્થીનીએ એનઆરઆઈ ક્વોટમાં એડમીશન મેળવ્યું હતું. હોસ્ટેલમાં રહેતી હતી, વિદેશમાં ધોરણ-૧૦ સુધી વિદ્યાર્થીનીએ અભ્યાસ કર્યો હતો**



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર મેડીકલ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી તબિબિ વિદ્યાર્થીએ આજે સવારના સમયે અચાનક ધાબા પરથી પડતુ મુકી આપઘાત કરતા ચકચાર મચી જવા પામી છે. સિવિલ કેમ્પસમાં તબિબિ વિદ્યાર્થીએ આપઘાત કર્યાની વાત વાયુવેગ પ્રસરી જતા કેમ્પસમાં સન્નાટો વ્યાપી ગયો હતો. જયારે પોલીસની પ્રાથમિક તપાસમાં વિદ્યાર્થીએ ભણતરના ભારને લીધે આ પગલુ ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. વિદ્યાર્થીના આપઘાતને પગલે મેડીકલ કોલેજના ડીન સહિત પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી આસ્થા સંજયભાઈ પંચાસર કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં રૂમ નં.૯૦૩ માં રહેતી હતી. જયારે આસ્થાના મમ્મી-પપ્પા વિદેશ રહે છે. આસ્થાએ પણ ધોરણ-૧૦ સુધી વિદેશમાં જ અભ્યાસ કર્યો છે. જયારે સેકટર-૫ ખાતે આસ્થાના દાદા-દાદી અને તેના કાકા-કાકી ગાંધીનગર રહે

● અનુસંધાન પાન-૭ પર

# જુના સેકટરોમાં છેલ્લા બે દિવસથી પાણીની બુમ : રહીશો આગ બબુલા

**પાણી પુરવઠા બોર્ડની નવી લાઇન નાંખવાની કામગીરી દરમિયાન લાઇનમાં ભંગાણ થતા તંત્રએ આખી રાત સમારકામ કર્યુ આખરે આજે બપોરે કામ પુરુ થયુ : ચરેડી પાસે પણ પાણીની લાઇનના જોઇન્ટમાં લીકેજ થતા નવી સમસ્યા ઉભી થઇ જો કે હાલની સ્થિતિએ લાઇનનુ કામ પુર્ણ થતા આવતીકાલથી રાબેતા મુજબ સપ્લાય આપવાની તંત્રની તૈયારી**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરના જુના સેકટરોમાં છેલ્લા બે દિવસથી પાણી પુરવઠો ખોરવાયો છે. જેના લીધે આજે પણ સે-૨૨ થી ૨૯માં પાણી આવ્યુ ન હતુ. અસહ્ય ગરમીમાં છેલ્લા બે દિવસથી પાણીની સમસ્યા ગંભીર બનતા સેકટરવાસીઓ પણ આગ બબુલા બન્યા છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા ચાલી રહેલી નવી લાઈનની કામગીરી દરમિયાન પાણીની ત્રણ લાઈનમાં ભંગાણ થતા સેકટરોમાં પાણીનો સપ્લાય ખોરવાયો હતો જો કે આખી રાત કામગીરી ચાલ્યા બાદ આજે બપોરે આ સમસ્યા હલ થઈ ગઈ હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જેથી આવતીકાલથી રાબેતા મુજબ પાણીનો સપ્લાય આપવા પણ તંત્રએ તૈયારી દર્શાવી છે.

ગાંધીનગરના જુના સેકટરોમાં છેલ્લા બે દિવસથી પાણીનો સપ્લાય ખોરવાયો છે. ગઈકાલે ખ-૭ પાસે પાણીની ત્રણ લાઈનમાં ભંગાણ થવાના લીધે જુના સેકટરો પૈકી મોટાભાગે સે-૨૨ થી ૨૯ માં પાણી આવ્યુ ન હતુ. પાણી પુરવઠા બોર્ડ દ્વારા એકબાજુ શહેરમાં નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે આ દરમિયાન અનેકવાર પાણી ગટરની લાઈન ડિસ્ટર્બ થાય છે અલબત્ત આડેધડ કામગીરીના લીધે પાણીની લાઈનમાં ગાબડા પડે છે. આ જ રીતે વિજળીના કેબલો પણ કટ થતા વિજ પ્રવાહ પણ ખોરવાઈ જાય છે. સેકટરવાસીઓ હાલ આકરી ગરમીના દિવસોમાં પાણી પુરવઠા બોર્ડની આ પ્રકારની કામગીરીથી ગળે આવી ગયા છે. જયારે અસહ્ય ગરમીમાં પણ વિજ કેબલ કટ થવાના લીધે કલાકો સુધી વિજ પ્રવાહ ખોરવાયેલો રહેતો હોવાની ફરિયાદો પણ સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. ગઈકાલે પાણીની લાઈનમાં ભંગાણ થયા બાદ પાટનગર યોજના વિભાગ અને પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓએ આખી રાત સમારકામ માટે મથામણ કરી હતી જો કે સવાર સુધી પણ મેળ ન આવતા આખરે આજે પણ જુના સેકટરોમાં પાણી આવ્યુ ન હતુ. જેના લીધે ૪૪ ડીગ્રી ની આકરી ગરમીમાં સેકટરોમાં પાણીની પોકાર સ્થાનિકો માટે પ્રબળ રોષનુ કારણ બની હતી ઘણાં ઠેકાણે ટેન્કરો દોડતા થઈ ગયા હતા. જયારે આજે પણ દિવસ દરમિયન સતત લાઈનનુ ભંગાણ દુર કરવા માટે કામગીરી ચાલુ રહી હતી. આખરે બપોરના સમયે કામ પુર્ણ થતા સેકટરોમાં થોડીવાર માટે હળવા દબાણથી પાણીનો સપ્લાય આપવામાં આવ્યો હતો. જયારે બીજીતરફ ચરેડી પમ્પીંગ સ્ટેશન નજીક પણ પાણીની લાઈનના જોઈન્ટમાં લીકેજ થતા નવી સમસ્યા સર્જાઈ હતી જેના લીધે તંત્રની ચિંતા વધી હતી જો કે સાંજે

## સોમવારથી ગરમીનું જોર ઘટવાની સંભાવના

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં હવે ધીમી ગતિએ ગરમીનું જોર ઘટશે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા ૪ થી મે સુધીની કરાયેલ હવામાન પૂર્વાનુમાનમાં આ સંકેત આપવામાં આવ્યા છે.

૩૦ એપ્રિલ અને ૧લી મે ના રોજ ગાંધીનગરમાં હીટવેવનું જોર રહેશે. જોકે ૨જી મે પછી ગરમીમાં ઘટાડો શરૂ થશે અને ૪ મે ના રોજ પારો ૪૨ ડિગ્રીએ પહોંચશે તેવું હવામાન પૂર્વાનુમાનમાં જણાવ્યુ છે.

મહત્તમ તાપમાન ૪૨-૪૫ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૪-૨૫ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૦ થી ૭૦ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૭ થી ૨૧ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

જિલ્લામાં ત્રણ દિવસ દરમ્યાન છુટા છવાયા સ્થાનો પર તીવ્ર ગરમીનું મોજુ યથાવત્ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

## લગ્નમાં રાજસ્થાન હાજરી આપી પરત ફરેલો પાલજનો યુવાન કોરોનામાં સપડાયો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો વધુ એક કેસ નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

શહેરમાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણમાં હોવાના તંત્રના દાવાની વચ્ચે છુટાછવાયા કેસો મળી રહ્યા છે. જોકે નગરજનો કોરોનાની ગાઈડલાઈનના પાલનને લઈ થોડાક બેદરકાર પણ બન્યા છે શહેરમાં વેક્સીનેશન અભિયાન પણ ધીમુ પડ્યુ છે અને જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાતુ ન હોવાથી તંત્રની ચિંતા જરૂર વધી છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પાલજ ગામમાં આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. પાલજ ગામનો ૨૨ વર્ષીય યુવાન તેના મિત્રના લગ્ન પ્રસંગમાં હાજરી આપવા જયપુર ગયો હતો અને ૨૪મીએ જ ત્યાંથી પરત ફર્યો હતો. તાવ અને અન્ય લક્ષણોને લઈ ટેસ્ટ કરાવતા તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા વધીને ૪ પર પહોંચી છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ સઘન સર્વેલન્સની જરૂરી સૂચનાઓ આપી છે.

શહેરમાં નોંધાઈ રહેલા છુટા છવાયા કેસોમાં મોટાભાગના દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી ધ્યાને આવી રહી હોવાથી તંત્ર પણ ચિંતીત બન્યુ છે.

# પ્રધાનમંત્રીની નિશ્રામાં મળેલી ભાજપની બેઠકને પગલે રાજ્યમાં રાજકીય માહોલ ગરમાયો

**ચૂંટણી વહેલી યોજવી કે નહિ તે સંદર્ભની નિર્ણાયક બેઠક હોવાની વ્યાપક ચર્ચા**

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતની રાજકીય સ્થિતિ અંગેની સમીક્ષા માટે આજે વડાપ્રધાનના નિવાસસ્થાને મળેલી બેઠકને પગલે પુનઃ એકવાર રાજ્યમાં વહેલી ચૂંટણીની વાતોને વેગ મળ્યો છે.

મળતી વિગતો પ્રમાણે વડાપ્રધાન મોદીના નિવાસસ્થાને સંગઠન દ્વારા ચૂંટણીને લઈ કરવામાં આવેલી તૈયારીઓ અંગેની વિગતો રજુ કરવામાં આવી હતી. કોંગ્રેસ અને અન્ય પક્ષોમાંથી ઘણા મોટા નેતાઓ ભાજપમાં આવવા માંગે છે તેની પણ ચર્ચા આ બેઠકમાં થઈ હતી.

આ બેઠકમાં વડાપ્રધાન મોદી ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ પણ જોડાયા હતા. બે કલાક જેટલો સમય ચાલેલી આ બેઠકમાં રાજ્યની રાજકીય પરિસ્થિતિ અંગેની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં મહેસુલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, કે. કૈલાસનાથન પણ હાજર રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

ગઈકાલે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાની ઉપસ્થિતિમાં ચૂંટણી સમિતિ તેમજ પ્રદેશ કોર કમિટીની બેઠક મળી હતી તેમાં પણ રાજ્યની વર્તમાન રાજકીય સ્થિતિ, કાર્યકરોની વધેલી સક્રિયતા સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

દરમ્યાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કરેલા ટ્વિટને લઈ પણ રાજકીય મહોલ ગરમાયેલો જોવા મળી રહ્યો છે જેમાં તેમણે આગામી સપ્તાહમાં વિધાનસભાના વિસર્જનનો નિર્ણય લેવામાં આવે તેવા સંકેતો આપ્યા છે. ગુજરાતમાં વહેવલી ચૂંટણી યોજવી કે નહિ તે અંગેનો સ્પષ્ટ નિર્ણય નહિ લેવાયો હોવાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યો છે. ભાજપના ઘણા કાર્યકરો એવુ માની રહ્યા છે કે ચૂંટણીઓ તેના નિયત સમયે જ યોજવામાં આવશે. જો કે બીજી તરફ તંત્ર દ્વારા આ અંગેની ધીમી ગતિએ કવાયત ચાલી રહી છે તંત્રમાં હાલ કેટલી જગ્યાઓ ખાલી છે કેટલી ચાર્જમાં ચાલે છે ખાસ કરીને ચૂંટણી સાથે સંકળાયેલ જગ્યાઓ ખાલી છે તો કેટલી તેની વિગતો મેળવવામાં આવી છે અને સોમવાર પછી આ જગ્યાઓ ભરવાને લઈ કવાયતો તેજ બનશે અને ફેરફારો કરાશે તેમ માનવામાં આવી રહ્યુ છે.

## વહેલી ચુંટણી? : ભાજપને "આપ"નો ડર હોવાનું કેજરીવાલનું ટ્વિટ..!!

ગાંધીનગર, તા.૩૦

કેટલાક દિવસોથી રાજ્યમાં ચૂંટણીઓ વહેલી થશે તેવા ચર્ચાઓએ જોર પકડેલું છે તેમાં આ વખતે પહેલીવાર ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ લડવા થનગની રહેલી આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ટ્વિટ કરીને જાણે બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા પર આકરી પ્રતિક્રિયા આપી છે. કેજરીવાલે ટ્વિટ કર્યું છે કે "શું ભાજપ આગામી સપ્તાહમાં ગુજરાત વિધાનસભા ભંગ કરી રાજ્યમાં ચૂંટણીનું એલાન કરવા જઈ રહી છે? "આપ"નો આટલો ડર?

ભાજપની બેઠકને અનુલક્ષીને અરવિંદ કેજરીવાલે ટ્વિટ કર્યું હતુ જેના પગલે એકાએક રાજ્યના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો. આમ જુઓ તો છેલ્લા કેટલાક દિવસોથી સતત ગુજરાતમાં ચૂંટણીઓ વહેલી યોજાશે તે બાબતની ચર્ચાઓ એ જોર પકડેલું છે તેમાં ટૂંકા ગાળામાં વડાપ્રધાને

● અનુસંધાન પાન-૭ પર




# શહેરમાં રખડતી ૫૦૦ નીલગાય જોખમી

**સેક્ટરોમાં રખડતી ૫૦૦ નીલગાય હરિયાળી અને માર્ગ સલામતી બન્ને સામે જોખમ : નીલગાયના લીધે વનતંત્ર આગામી ચોમાસામાં લીમડાના વધુ રોપાની વાવણી કરશે નહીં : સેક્ટરોમાં વન આરક્ષિત વિસ્તારમાં પણ નીલગાયનો અડ્ડો : માર્ગો પર દોડી આવતી નીલગાયથી માર્ગ સલામતી જોખમાઇ**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં રખડતી ગાયો અને આખલા વચ્ચે નીલગાયનો ત્રાસ વધી ગયો છે. જેના લીધે નગરની હરિયાળી અને માર્ગ સલામતી સામે પણ ખતરો મંડરાયો છે. શહેરમાં નીલગાયના ત્રાસના લીધે વનતંત્રએ પણ આગામી ચોમાસામાં લીમડાના વધુ રોપાઓની વાવણી નહીં કરવાનો નિર્ણય લીધો છે. જયારે સેકટરો તેમજ વન આરક્ષિત વિસ્તારમાં રખડતી નીલગાયના લીધે હરિયાળીને પણ નુકશાન થાય છે. સેકટરોમાં અંદાજિત ૫૦૦ જેટલી નીલગાય રખડતી હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે. જયારે નીલગાયના પકડવા માટે થોડા સમય અગાઉ હાથ ધરાયેલી ઝુંબેશ પણ બે દિવસના અંતે અચાનક જ બંધ કરી દેવાતા શહેરમાં હાલ નીલગાય ગમે ત્યાં રખડતી જોવા મળે છે.

ગાંધીનગર શહેરમાં નીલગાયનો ત્રાસ વધી ગયો છે. શહેરી વિસ્તારમાં અંદાજિત ૫૦૦ થી વધુ નીલગાય રખડતી જોવા મળે છે. જેમાં સચિવાલય પાછળના વિસ્તારમાં તેમજ નદીના કોતર વિસ્તારમાં પણ નીલગાય વધુ છે. સેકટરોમાં પણ વન આરક્ષિત વિસ્તાર સહીત વોક વે પર નીલગાય આંટા મારતી નજરે પડે છે. નીલગાયના લીધે વર્ષ દરમિયાન વારંવાર અકસ્માતો સર્જાય છે. એટલુ જ નહીં પરંતુ નીલગાય હરિયાળી માટે પણ ખતરારૂપ બની છે. જેના લીધે શહેરમાં લીમડાના રોપાઓની વાવણી પણ પુરતા પ્રમાણમાં કરવામાં આવતી નથી નીલગાયને લીમડો વિશેષ પસંદ હોવાથી લીમડાના રોપાઓનો ઉછેર કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. ગાંધીનગર અમદાવાદને જોડતા માર્ગ પર નીલગાય તેમજ રખડતા ઢોરને અનુલક્ષી તંત્રએ માર્ગ આસપાસ ફેન્સીંગ પણ કરી દીધી છે. જેથી વી વી આઈ પી મહાનુભાવોની અવરજવર દરમિયાન નીલગાય કુદીને માર્ગ વચાળે ન આવે અગાઉ પણ નીલગાય અને રખડતા ઢોરના લીધે વી આઈ પી ના કાફલાને અકસ્માતને નડયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. એકબાજુ નીલગાય માર્ગ સલામતીને અનુલક્ષી જોખમી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે નીલગાય હરિયાળી માટે પણ ખતરારૂપ બની છે. વનતંત્રએ આગામી ચોમાસાને અનુલક્ષી નવા વાવેતરમાં પણ નીલગાયની આ હરકતને અનુલક્ષી લીમડાના રોપાઓની વાવણી કરવામાં પણ નિરસતા દાખવી છે. થોડા સમય અગાઉ શહેરમાં નીલગાયને પકડવા માટે વનતંત્રએ ઝુંબેશ હાથ ધરી હતી જયારે બે ચાર દિવસના અંતે જ આ ઝુંબેશ આટોપી લેવામાં આવી હતી. નીલગાયના આતંકથી પ્રભાવિત શહેરીજનોમાં પણ હર્ષની લાગણી વ્યાપી હતી જયારે વનતંત્ર દ્વારા નીલગાય પકડીને જુનાગઢના ગીરમાં મોકલવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી હતી. જયારે આ ઝુંબેશના બાળમરણના અંતે શહેરમાં નીલગાયનો ત્રાસ વધી ગયો છે. આવા સંજોગોમાં શહેરના સેકટરોમાં રખડતી નીલગાય ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત છે. વનતંત્ર પાસે નીલગાયને પકડવા માટે પુરતો મેનપાવર પણ નથી જયારે આ અંગેની કોઈ આનુસંગિક વ્યવસ્થા પણ નથી વનવિભાગ કક્ષાએથી પણ કોઈ પગલા લેવાતા નથી જેના લીધે શહેરમાં નીલગાયનો ત્રાસ વધતો જાય છે. શહેર આસપાસના ગામોમાં પણ નીલગાયના આતંકથી ખેડુતોના પાકને નુકશાન થઈ રહ્યુ હોવાનો રોષ પણ ઉઠવા પામે છે.

## જીપીએસસીમાં ૪ સભ્યો નિયુક્ત કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત જાહેર સેવા આયોગમાં આજે એક સાથે ૪ ની નિયુક્તીના હુકમો સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.

સનદી અધિકારી નલિન ઉપાધ્યાય, સુશ્રી આશા શાહ, અશોકભાઈ એમ. ભાવસાર તેમજ સુરેશભાઈ કે. પટેલની નિયુક્તી કરવામાં આવી છે.

તેઓ જે દિવસથી તેમની નિયુક્તીનો ચાર્જ સંભાળશે તે દિવસથી તેમની નિમણુંક ગણાશે તેમ પણ આજે કરવામાં આવેલા હુકમમાં જણાવવામાં આવ્યું છે.

## જિલ્લાની ૮૯ ગ્રામ પંચાયતોમાં વહીવટદાર તરીકે તલાટીઓ નિમાયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ૮૯ ગામોમાં વહીવટદાર તરીકે તલાટી કમ મંત્રીની નિમણુંકના આજે વિધિવત્ હુકમો કરી દેવામાં આવ્યા છે અને ૧લી મે થી વહીવટદારો દ્વારા પંચાયતોના વહીવટની ધુરા સંભાળી લેવામાં આવશે.

જિલ્લાની ૮૯ ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થઈ રહી છે. જેમાં કલોલની ૪૭, માણસાની ૩૩, ગાંધીનગરની ૨ અને દહેગામની ૭ પંચાયતોનો સમાવેશ થાય છે.

ગાંધીનગર સહિત રાજ્યની ૨૩૦૦થી વધુ પંચાયતોમાં એપ્રિલથી જૂન-૨૨ સુધીમાં પૂર્ણ થતી મુદતોને ધ્યાને રાખી વહીવટદાર તરીકે તલાટી કમ મંત્રીને મુકવાનો મહત્વનો નિર્ણય સરકારે કર્યા બાદ હવે વિકાસ કમિશનરની કચેરી દ્વારા આ અંગેની દરખાસ્તોને મંજૂરી મળતાં આજે આ હુકમો જારી કરવામાં આવ્યા છે. અગાઉ આ પંચાયતોમાં તાલુકા અને જિલ્લાના સિનીયર કર્મચારીઓને વહીવટદાર તરીકે નિમણુંક આપવાની કવાયત હાથ ધરવામાં આવી હતી.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com